આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મીન

આજના ગ્રહોની કુંડળી



આજે ચાંડાલ યોગ ચાલુ છે. આજે શુક્ર મકરનો થાય છે. સૂર્ય તા. ૧૩મીના રોજ કુંભ રાશિમાં જશે. ચંદ્ર મીન / મેષનો થાય છે.

મેષ દસમે શુક્ર - બુધ - સૂર્ય હોઈ આજે તમોને તમારી કોઈ ઉત્તમ પ્રગતિ થઈ રહી છે તેના સમાચાર મળશે - સૂર્ય બદલાવાનો છે. પરંતુ શુક્ર બુધની યુતિથી પ્રગતિ થાય.

વૃષભ રાશિથી અગિયારમે ચંદ્ર ને નવમે રાશિપતિ શુક્ર તમોને અચાનક કોઈ સારા મોટા લાભના સમાચાર મળી રહેશે. દિવસ સુખમય આનંદમાં જશે.

મિથુન આઠમે બુધ શુક્ર આર્થિક લાભ અપાવશે. દસમે ચંદ્ર પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા અપાવશે. આજનો દિવસ આનંદમય સુખમય જશે.

કર્ક સાતમે બુધ શુક્રની યુતિ તમોને અચૂક લાભ અપાવશે - સૂર્ય બદલાય પછી વધુ આનંદને લાભ મળશે. લોકપ્રિયતા પ્રાપ્ત થશે - દિવસ આનંદમય જશે - લાભ થશે.

સિંહ રાશિમાં ગુરુ તમોને ધાર્મિક કાર્યોમાં જોડાવાની ઈચ્છાઓ થાય - સંસાર પ્રત્યે અનુરાગ રહે નહીં - તમો ધીમે ધીમે ઉચ્ચતા તરફ જઈ રહ્યા છો.

કન્યા સાતમે ચંદ્ર નાનકડો પ્રવાસ કરાવે. કલ્પના શક્તિઓમાં વિહરવાનું આજે તમને ગમશે. સાહિત્ય તરફ અભિરૂચિ જાગશે. રચનાત્મક કાર્ય કરશો.

તુલા રાશિમાં મંગળ ચંદ્રથી આઠમે છે. પડવા - વાગવા - દાઝવાથી સાચવવું - લોહી નીકળે તો અશુભ ગણી દિવસ શાંતિથી પસાર કરવો. વ્યસનથી દૂર રહેવું.

વૃશ્ચિક પનોતીનો શનિ નુકસાનકારક છે - હનુમાનભક્તિ - શનિદેવની પૂજામાં સમય પસાર થાય તો વધુ ઈચ્છનીય છે - ત્રીજે બુધ શુક્ર સારા મિત્રો કરાવે - મિત્રો તરફથી લાભ મળે.

ધન ચોથે ચંદ્ર માતૃસુખ અપાવે તેમજ ગુરુના ઘરના બંને ઘર હોઈ માતા તરફથી આર્થિક લાભ - વારસો અપાવે - ધન - મીન રાશિનો માલીક ગુરુ છે તેથી લાભ મળે.

મકર સૂર્ય કાલે બદલાય છે તેથી રાશિમાં રહેલ બુધ શુક્ર તથા શનિની ત્રીજી દ્રષ્ટિ હોઈ આપને્ ણધાર્યા લાભ મળશે - સારા સમાચાર મળશે. દિવસ આનંદમાં જશે.

કુંભ સાતમે રાહુની સાથે ગુરુનો ચાંડાલ યોગ હોઈ વાદ-વિવાદમાં ઉતરવું નહીં. મિત્રો ભાગીદારો સાથે સંઘર્ષ થવાના યોગ છે. તેથી સાચવવું - સંયમ રાખવો.

મીન લગ્ને રાશિમાં ચંદ્ર ઉત્તમ ફળ આપશે - અગિયારમે બુધ - શુક્ર લાભ અપાવે. ફાયદો કરાવે. વક્રી ગુરુ છઠ્ઠા સ્થાનમાં રોગ - શત્રુનો નાશ કરાવે. દિવસ સારો જશે.

સ્વામીનારાયણ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા નિજાનંદની ભવ્ય ઉજવણી

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી અને પોલીટેકનીકના વિદ્યાર્થીઓનો બીજો વાષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૧

શ્રી સ્વામી નારાયણ ઈન્સ્ટટયુટ ઓફ ટેકનોલોજી ભાટ અને શ્રી સ્વામી નારાયણ પોલીટેકનીક સેકટર - ૨૨ નો દ્રિતિય વાર્ષિકોત્સવ નિજાનંદની વિદ્યાર્થીઓ દ્વારા શહેરના ટાઉનહોલ ખાતે રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. નિજાનંદ સાંસ્કૃતિ કાર્યક્રમમાં બંન્ને સંસ્થાના મળીને ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ ૩૨ કૃતિઓ રજુ કરી હતી. આ કાર્યક્રમમાં નારી શકિત અને વ્યસન મુકિત પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ અદ્‌ભુત ભારતીય સંસ્કૃતિ દર્શાવતો ફેશન શો પણ યોજ્યો હતો.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે સ્વામી નારાયણ સંસ્થા દ્વારા સંચાલીત ઈન્સ્ટટયુટ ઓફ ટેકનોલોજી અને પોલીટેકનીક ના નીજાનંદ કાર્યક્રમમાં રામકૃષ્ણ સ્વામી અને અક્ષર સ્વામી એ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારબાદ શહીદ જવાન હનુમંતથપ્પાના માનમાં બે મિનિટનું મૌન પાળીને હોલમાં ઉપસ્થિત સૌ એ શ્રધ્ધાંજલિ અર્પી હતી. સ્વામી રામકૃષ્ણ સ્વામીએ વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવ્યા હતા. જયારે એકઝેકયુટેટીવ ડાયરેકટર ધર્મેશ વંડરાએ બાળકોને પોતાના મા-બાપ જ સાચા વેલેન્ટાઈન છે. તેમની સામે પ્રેમની અભિવ્યકિત રજુ કરો. તેમજ વિદ્યાર્થીઓમાં રહેલી આંતરીક શકિતઓ બહાર આવે અને સ્ટેજ ફીયર દુર થાય તે માટે આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેમ જણાવ્યું હતું. જયારે અત્યારે હાલના સમાજ માટે માથાના દુખાવા સમાન દુષણ એટલે વ્યસન... વ્યકિતને કોઈ પણ વ્યસનની ટેવ હોય પણ તે આખરે પરિવાર અને સમાજ માટે જોખમી બની રહે છે. ત્યારે આવી પરિસ્થિતમાં સમાજને વ્યસનના દુષણમાંથી કેવી રીતે મુક્ત કરી શકાય તે અંગે વિદ્યાર્થીઓએ "તું મને છોડે છે કે હું તને" અને નારી શકિત વિષય પર "નારી સમાજની સારથી" સુંદર નાટક રજુ કરતા ટાઉનહોલમાં હાજર સૌએ તાળીઓથી વિદ્યાર્થીઓને વધાવી લીધા હતા. નીજાનંદમાં બાળકોએ ડાન્સ, હાસ્ય દરબાર, ગરબા, ફોક ડાન્સ, ફની ડાન્સ, શીવતાંડવ, અને ઓલ્ડ ઈઝ ગોલ્ડ ગીતો ગીટાર પર સુંદર રીતે ધુન વગાડીને રજુ કર્યા હતા. વિવિધતામાં એકતા થીમ પર ભારતના વિવિધ રાજયોની સંસ્કૃતિ દર્શાવતો ફેશન શો યોજાયો હતો. આ ફેશન પરેડમાં સંસ્થામાં અભ્યાસ કરતા સોહમ વ્યાસે ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. બપોર થી લઈને સાંજ સુધીમાં ઉપસ્થિત બાળકોએ વિવિધ ૩૨ કૃતિઓ નિહાળતા આનંદ છવાયો હતો.

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા પ્રાથમિક શાળા શિલાન્યાસ વિધિ ગામના અગ્રણી દાતા વિષ્ણુભાઈ પટેલ(સદ્‌ભાવ એન્જીનિયરીંગ લિમીટેડ)ના હસ્તે શાસ્ત્રોકત વિધિ પ્રમાણે કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામના અગ્રણીઓ, તેમજ મોટીસંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. આ શાળા અંદાજીત ૩ કરોડના ખર્ચે અધ્યતન બનશે.

શપથવિધિ : ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે ઝારખંડથી બદલી થતાં ન્યાયમૂર્તિ પ્રદિપ પી. ભટ્ટને ગુરુવારે સવારે કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ જયંત પટેલે શપથ લેવડાવ્યા હતા. ન્યાયમૂર્તિ પ્રદિપ પી. ભટ્ટ છેલ્લા બે વર્ષથી ઝારખંડ હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે સેવાઓ આપતા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જસ્ટીસ પ્રદિપ ભટ્ટ ગાંધીનગરના અગ્રણી નાગરિક અને નિવૃત્ત સનદી અધિકારી સદ્‌ગત પ્રેમશંકર ભટ્ટના જયેષ્ઠ પુત્ર છે.

જિલ્લા પંચાયતમાં વિવિધ સમિતિઓના ચેરમેનની નિમણુંક

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લા પંચાયતનું કોંગ્રેસે સત્તાનું સુકાન સંભાળી લીધા બાદ વિવિધ સમિતિઓની રચના બાદ કેટલાક ચૂંટાયેલા સદસ્યોમાં નારાજગી જોવા મળી હતી.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ભાજપ પાસેથી કોંગ્રેસે સત્તા આંચકી લીધા બાદ સત્તાનું સુકાન સંભાળી લીધુ હતુ. કોંગ્રેસના ૨૮, જ્યારે ભાજપના માત્ર ૭ સદસ્યો ચૂંટાયા બાદ કોંગ્રેસ દ્વારા વિવિધ સમિતિઓની રચના કરી હતી. પરંતુ તે દરમિયાન કેટલાક સદસ્યોએ છુપી નારાજગી દર્શાવતા મામલો હાઈકમાન્ડ સુધી પહોંચ્યો હતો. જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત તથા જિલ્લા કોંગ્રેસ સંગઠનના હોદ્દેદારોએ પ્રદેશ કોંગ્રેસ સમિતિ સમક્ષ કયા સદસ્યની ચેરમેન તરીકે નિમણુંક કરવી તેની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કારોબારી સમિતિમાં મહિલા સદસ્યોને પણ સ્થાન આપવામાં આવ્યું નથી. જેના પરિણામે કયા ઉમેદવારને પ્રદેશ મોવડીમંડળ તરફથી ચેરમેન તરીકેનો મેન્ડેડ આપવામાં આવશે તેની ચર્ચાથી રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. બુધવારે નવીન જિલ્લા પંચાયત પરિસરમાં દિવસ દરમિયાન ટેકેદારોનો ધસારો જોવા મળ્યો હતો. જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેમરેન તરીકે નંદુભાઈ ડાહ્યાભાઈ પટેલ દ્વારા હર્ષદભાઈ શંકરભાઈ પટેલના નામની દરખાસ્ત રજુ કરતા સર્વસંમતિથી હડિયોલ જિલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટાયેલ હર્ષદભાઈ શંકરભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી. ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, બાંધકામ, ખેત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સહિત વિવિધ સમિતિઓના ચેરમેનની વરણી કરવામાં આવી હતી. જેના કારણે દિવસ દરમિયાન નવીન જિલ્લા પંચાયત કેમ્પસમાં ભારે ચહલપહલ જોવા મળી હતી.

અસંતુષ્ટ સદસ્યોને મનાવી લેવામાં આવ્યા

કારોબારી અને શિક્ષણ સમિતિ સહિતની મહત્વ પૂર્ણ સમિતિઓમાં સમાવેશ ન થતા અસંતોષ પરાકાષ્ઠાએ પહોંચતા જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત દ્વારા અસંતુષ્ટ સદસ્યોને મનાવી લેવાની કવાયત હાથ ધરી હતી. જેના પરિણામે બુધવારે વિવિધ સમિતિઓના ચેરમેનની નિયુક્તિ નિર્વિઘ્ને પાર પડી હતી.

જિલ્લા પંચાયતમાં સમિતિઓના ચેરમેનની નિમણુંકમાં મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ - અધ્યક્ષ - જિલ્લા શિક્ષણ સમિતિ, રતનબેન કચરાભાઈ સુતરીયા - ચેરમેન - સામાજિક ન્યાય સમિતિ, હર્ષદભાઈ શંકરભાઈ પટેલ - અધ્યક્ષ - કારોબારી સમિતિ, અભેસિંહ મોવતસિંહ ઝાલા - ચેરમેન - જાહેર બાંધકામ સમિતિ, દિવણજી શંકરજી ઠાકોર - ચેરમેન - આરોગ્ય સમિતિ, રણછોડભાઈ ગુજરાભાઈ અંગારી - ચેરમેન - ખેત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ, આનંદભાઈ માધાભાઈ લેબોલા - ચેરમેન - ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ, નિરૂબા લાલસિંહ પરમાર - ચેરમેન - મહિલા, બાળ કલ્યાણ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિ.ની વરણી કરવામાં આવી હતી.

મોડાસામાં મહાબીજ નિમિત્તે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના આસ્થાના પ્રતિક અને પર્યટનધામ તરીકે વિકસી રહેલા દેવરાજ પંડિતની સમાધિ એવા દેવરાજ ધામમાં હજારો ધર્મપ્રેમીની ઉપસ્થિતિમાં મહાબીજની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિશેષરૂપે જાયટન્ટસ ગ્રુપ મોડાસા અને જલારામ સેવા ટ્રસ્ટ મેઘરજના સહયોગથી નેત્ર ચિકિત્સા કેન્દ્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં દેવરાજ ધામમાં મહંત ધનેશ્વરીગીરી મહારાજ, નિલેષભાઈ જોષી, અનિશ કાવઢીયા, નવનીતભાઈ પરીખ, ડૉ. સંતોષભાઈ દેવકર, અશોકભાઈ ત્રિવેદી, મુકુન્દભાઈ શાહ અને વિનોદભાઈ પટેલ સહિતના સભ્યો હાજર રહ્યા હતા. કેમ્પમાં ૧૬૦ જેટલા દર્દીઓને મફત સારવાર દવા અને ચશ્માનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આત્મઘાતી બોંબર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મહિલા આત્મઘાતી બોંબર ઠાર થઈ હતી. ત્યારબાદ ત્રણ નામ પૈકી હેડલીએ ઈશરતના નામનો ઉલ્લેખ કર્યો હતો. લશ્કરે તોઈબામાં એક મહિલા શાખા પણ છે અને કોઈ અબુ એમનની માતા તેમા અધ્યક્ષ તરીકે છે. લશ્કરે તોયબાની સાથે જેડાયેલા રહેલા અને મુંબઈ હુમલામાં ભૂમિકા અદા કરનાર ખતરનાક ત્રાસવાદી ડેવિડ હેડલીની જુબાનીની પ્રક્રિયા આઠમીએ સવારે શરૂ થઈ હતી. તેને વિડિયો કોન્ફરન્સિગ મારફતે કોર્ટમાં હાજર કરવામાં આવ્યોહતો. તેની જુબાની ખુબ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. પ્રથમ કોઈ મામલામાં વિદેશથી વિડિયો કોન્ફરન્સિગ મારફતે આરોપીની જુબાની લેવામાં આવી રહી છે. ડેવિડ હેડલી મુંબઈ હુમલા અંગે મહત્વપૂર્ણ માહિતી ધરાવે છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ તરફથી સરકારી વકીલ તરીકે ઉજ્જવલ નિકમ રજૂઆત કરી રહ્યા છે. ત્રાસવાદી હુમલાની યોજના બનાવવા અને તેને અંજામ આપવામાં હેડલીની ભૂમિકા હતી. પાકિસ્તાની અમેરકિન આતંકવાદી ડેવિડ કોલમેન હેડલીએ આખરે ૨૬-૧૧ મુંબઈ હુમલામાં પોતાની ભૂમિકાની કબૂલાત કરી લીધી હતી.હાલામં અમેરિકન કોર્ટ સમક્ષ હેડલીએ જુબાની આપી હતી જેમાં પોતાની ભૂમિકાની કબૂલાત કરી હતી. હેડલીએ એમ કહીને પાકિસ્તાન સરકારની મુશ્કેલી વધારી દીધી છે કે, મુંબઈ હુમલાને પાકિસ્તાન સરકારની મદદથી અંજામ આપવામાં આવ્યો હતો. મુંબઈ હુમલામાં પાકિસ્તાનની ભૂમિકાની વાત કરતા હેડલીએ એમ પણ કહ્યું હતું કે, ૨૦૦૮માં ભારતમાં જે હુમલો કરવામાં આવ્યો હતો તેમાં પાકિસ્તાન સરકારની પણ સીધી ભૂમિકા હતી.વિડિયો કોન્ફરન્સિગ પ્રક્રિયા શરૂ થયા બાદ થોડાક દિવસ સુધી જારી રહે તેવી શક્યતા છે. હેડલી ઉપર મૂળભૂતરીતે ભારત સામે આતંકવાદી ગતિવિધિઓ તૈયાર કરવા અને તેને અંજામ આપવા માટે ૧૧ મામલામાં આરોપો ઘડવામાં આવ્યા હતા.

નવી વાત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પોલીસે ખોટું એન્કાઉન્ટર નહોંતું કર્યું. તેમણે ઉમેર્યું કે હેડલીના સર્ટીફીકેટની જરૂર નથી,્ પણ તેણે જે કહ્યું છે તે જ બાબત અગાઉ પોલીસ કહી રહી હતી. તપાસ અધિકારીએ દાખલ કરેલી ચાર્જશીટ અંતિમ રિપોર્ટ નથી. સમગ્ર મામલો રાજકીય ષડયંત્ર હતો. ઈશરત જહાં આતંકવાદી હતી, તે બાબત હેડલીના નિવેદનથી સાબિત થઈ છે. ડીજી વણઝારાએ પત્રકારો સાથે વાત કરતાં આ મામલાને રાજકીય ષડયંત્રનો ભાગ કહેતાં કહ્યું કે અન્ય રાજયોમાં પણ એન્કાઉન્ટર થયા છે, પણ ખાસ કરીને તે પૈકી ગુજરાત પોલીસને ટાર્ગેટ કરાઈ છે.

ઉદાર બનાવાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

થયા હોય તેને ૫૦ હજારની મહત્તમ મર્યાદામાં વાર્ષિક ટ્યુશન ફી વન ટાઈમ સાધન પુસ્તક સહાય પેટે પાંચ હજાર અને રહેવા જમવાની સગવડતાના વાર્ષિક ૧૨૦૦૦ સહાય મળવાપાત્ર થશે. આ સહાય મેળવનારા વિદ્યાર્થીની વાર્ષિક કૌટુંબિક આવકમર્યાદા યથાવત એટલે કે ૪.૫૦ લાખ રાખવાનો પણ નિર્ણય તેમણે કર્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો લાભ અંદાજે વધુ પાંચ હજાર વિદ્યાર્થીઓ મેળવતા થશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલના તા.૧૨મી ફેબ્રુઆરી-૨૦૧૬ શુક્રવારે શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કારથી રાજયના તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાના શ્રેષ્ઠ પશુપાલકોને સન્માનિત કરશે. રાજયના પશુપાલન વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના પીરાણા ખાતે આયોજિત આ સમારોહમાં રાજયના કુલ ૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને સમગ્ર તથા ૨૧.૮૨ લાખના એવોર્ડઝથી સન્માનિત કરવામાં આવશે. રાજય સરકારે પશુપોષણ, પશુરહેઠાણ, પશુસંવર્ધન, પશુસ્વાસ્થ્ય અને પશુમાવજતમાં ઉચ્ચ કોટિનો અભિગમ અપનાવનારા શ્રેષ્ઠ પશુપાલકોને એવોર્ડથી સન્માનિત કરવાની આ યોજના ૨૦૧૪-૧૫થી અમલી બનાવી છે. મુખ્યમંત્રીના હસ્તે ૨૦૧૫-૧૬ માટેના આ શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારંભમાં રાજયના કૃષિ પશુપાલન મંત્રી બાબુભાઈ બોખિરીયા પણ ઉપસ્થિત રહેવાના છે.

કાચાપલટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

લાઈટ મકી દેવામાં આવી છે. જયારે ઉદ્યાનમાં બંધ હાલતમાં જોવા મળતા સ્ટ્રીટ લાઈટના ૩૦ જેટલા પોલ્સ પણ કેબલ ફોલ્ટ નિવારી શરૂ કરી દેવામાં આવ્યા છે. પાણીનો બોર તેમજ સંપ વેલ પણ રીપેર કરી દેવાતા પાણીની સમસ્યા હલ થઈ ગઈ છે. મુલાકાતીઓને ધ્યાને લઈ આગામી દિવસોમાં સી સી રોડ તેમજ નિયત કરેલા પોઈન્ટ પર વાંસની હાટડી ગજીબો બનાવાશે .આ ઉપરાંત કમ્પાઉન્ડ વોલમાં ગાબડુ પાડીને ઉદ્યાનમાં ચોરીના ઈરાદે પ્રવેશતા તત્વોને અટકાવવા માટે આર સી સી ની વોલ પણ બનાવાશે. ઉદ્યાનની સલામતી તેમજ આવતા મુલાકાતીઓનુ રજીસ્ટ્રેશન કરવા માટે સિકયુરીટી ચેમ્બર પણ કાર્યરત કરી દેવામાં આવી છે. ઉદ્યાનની કીંમતી અને ઉપયોગી વનસ્પતિને સુકાવવા માટે સોલાર ડ્રાયર પણ મુકી દેવામાં આવ્યુ છે. ગુજરાત ઔષધિય વનસ્પતિ બાર્ડના સીઈઓએ આર્યુવેદિક ઉદ્યાનનો રાઉન્ડ લઈ નિરિક્ષણના અંતે જરૂરી કામો હાથ ધર્યા છે.

તંત્રની નોટીસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નારાયણી ક્લબ એન્ડ રિસોર્ટ પાસેથી રૂ. ૩૫ લાખ, હોટલ ફોર્ચ્યુન હવેલી પાસેથી રૂ. ૫ લાખ જેટલી સુખ-સુવિધા કરની વસુલાત બાકી બોલે છે.

તંત્રએ આ હોટલ માલિકોને નોટીસ આપી દેતાં વેપારી આલમમાં ફફડાટની લાગણી ઉભી થવા પામી છે. આ ઉપરાંત કેટલીક નાની હોટલો પાસેથી પણ સુખ-સુવિધા કરની વસુલી બાકી છે.

હોટલ માલિકો દ્વારા સુખ-સુવિધા કર ગ્રાહકો પાસેથી વસુલી લેવામાં આવે છે અને તે સરકારને ભરપાઈ કરવાનો હોય છે પરંતુ આ ભરવામાં હોટલ સંચાલકો દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતા સામે તંત્રએ હવે લાલ આંખ કરી છે.

જિલ્લામાં સરકારી લેણાંની વસુલીને અસરકારક બનાવવા માટે કલેક્ટરે કરેલી કડક તાકીદને પગલે તંત્રના અધિકારીઓ હરકતમાં આવી ગયા છે અને સંપૂર્ણ ધ્યાન વસુલી પર કેન્દ્રીત કર્યુ છે.

જિલ્લા-ફરિયાદ અને સંકલન સમિતિમાં પણ સરકારી લેણાંની વસુલીને અસરકારક બનાવવા માટેની વારંવાર સૂચના પછી કલેક્ટર નારાજ થયા હતા અને કડક તાકીદ કરતાં હવે તંત્રએ પણ આ વસુલી માટેનું મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

વાહન ચાલકોને દંડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હેલ્મેટની ડેઈલી ડ્રાઈવ આજથી ગાંધીનગર શહેરમાં શરૂ થઈ જવા પામી છે. ડ્રાઈવના પ્રથમ દિવસે જ ટ્રાફીક પોલીસે વિવિધ આઠ પોઈન્ટ ઉપરથી ૭૭૫ વાહનચાલકોને દંડની પાવતી પકડાવી હતી તે ઉપરાંત સે. ૭ પોલીસે વિવિધ ત્રણ પોઈન્ટ પરથી ૨૬૫ વાહનચાલકોને, ઈન્ફોસીટી પોલીસે શાહપુર સર્કલથી ૧૭૬ વાહનચાલકોને, અડાલજ પોલીસે બાલાપીર સર્કલેથી ૧૩૬ વાહન ચાલકોને ચિલોડા પોલીસે ચિલોડા સર્કલથી ૧૧૦ વાહનચાલકોને તથા સે. ૨૧ પોલીસે ત્રણ પોઈન્ટ પરથી ૧૬૦ વાહનચાલકોને દંડ ફટકાર્યા હતા. ઉપર દર્શાવેલા વાહનચાલકોને દંડ કર્યાના આંકડા સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધીના માત્ર ત્રણ કલાકના જ છે. ત્રણ કલાકમાં વિવિધ ૧૭ પોઈન્ટ પરથી હેલ્મેટ વગર ફરતા ૧૬૨૨ વાહનચાલકોને ઉભા રાખીને સંઘર્ષમાં ઉતર્યા વિના જ પોલીસે રૂ. ૧,૬૨,૨૦૦નો દંડ વસુલ્યો હતો.

આવક કરી ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામે આ આવકનો આંકડો પ્રમાણમાં ઓછો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા મુસાફરોને નિયમિત અને સમયસર બસ સેવા મળી રહે તે માટેના પ્રયાસો કરવામાં આવે છે. જયારે એસ ટી ડેપો દ્વારા હાલમાં ગાંધીનગર અમદાવાદના સીટી બસ સંચાલન તેમજ પોઈન્ટની બસ સેવા માટે રોજ ૧૫૦ બસો રૂટમાં દોડાવાય છે. આ ઉપરાંત સરખેજ રૂટની બસ સેવાનુ પણ સંચાલન કરવામાં આવે છે. જયારે તાજેતરમાં જ ડેપો દ્વારા સરખેજ રૂટ માટે નવી મીની બસો દોડાવાનુ શરૂ કરવામાં આવ્યુ છે. જેના આધારે મુસાફરોને વધુ સુવિધા ઉપલબ્ધ થઈ છે. ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ ડેપોને ગત વર્ષ દરમિયાન પ્રતિમાસ રૂ ૧.૮૦ કરોડની આવક થઈ છે. ડેપોના સીટી સંચાલનના આધારે જ આ આવક થઈ હોવાનુ પણ જણાંવાયુ છે. ગત વર્ષ દરમિયાન ડેપોએ રૂ ૨૨ કરોડની આવક કરી છે. જો કે ડેપોના જણાંવ્યા મુજબ ડેપોમાંથી દોડતી પ્રત્યેક બસોના સંચાલન માટે પ્રતિકીમી ૩૦ રૂપિયાનો ખર્ચ થાય છે. જયારે ડેપોને થતી આ આવક ખર્ચના પ્રમાણમાં ઓછી હોવાથી ખોટનો આંકડો પણ ઉંચો છે. અલબત્ત આવકની સામે જાવકનુ પ્રમાણ વધુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

તન-દુરસ્તી ● ૪

પાનાનું ચાલુ...

જઈને URINE Culture and sensitivity નો રિપોર્ટ કરવા કહ્યું. એમા Escherichia coli નામના બેકટેરિયા આવ્યા. અને દવાની sensitivity પણ આવી. ડોકટરે એના પરથી દવા લખી આપી. મયુરભાઈ સાજા થયી ગયા અને લગ્ન જીવન હવે સારી રીતે માણી રહ્યા છે.

પ્રફુલભાઈને ડાયાબીટીસ હતો. સાથે એમને ક્રિકેટ રમવાનો ઘણો જ શોખ હતો. એક દિવસ રન લેવા દોડવા જતા એમનો પગ લપસી ગયો અને ળેંકચર થઈ ગયુ. હાડકાના ડૉકટર પાસે પ્રફુલભાઈને લઈ ગયા. ડોકટરે કહ્યું કે પગના હાડકા મા ક્રેક થઈ છે અને થોડી હાડકાની કણી ઓ છૂટી પડી ગયી છે. ઓપરેશન કરવુ પડશે. અને સાથે પ્લેટ પણ લગાવવી પડશે. Pre-Operative ના રિપોર્ટ કરાવ્યા. ફિજીશીયનનો Opinion લીધો. ડાયાબીટીસ નોર્મલ આવ્યો. પ્રફુલભાઈનું ઓપરેશન થયી ગયુ. ૧૦ દિવસ પછી પ્રફુલભાઈને જે જગ્યાએ ઓપરેશન કર્યું હતુ તે જગ્યાએ લાલ થયી ગયુ અને તાવ આવી ગયો. ડોકટરે કહ્યું કે પ્રફુલભાઈ તમને ઈન્ફેકશન થયુ છે. પ્રફુલભાઈએ ડૉકટર ને પ્રશ્ન કર્યો આવુ કેમ થયુ? ડોકટરે કહ્યું આવુ તો ઘણાને થતું હોય છે. સવાલ આપણને પણ થાય કે શું પ્રફુલભાઈને ડાયાબીટીસ હતો એટલે પાક્યું? પગમાં નાખેલી પ્લેટ શું શરીર સાથે Match નહોતી થઈ? ...કે જેમા એમનુ ઓપરેશન થયુ હતુ ત્યાંથી કોઈ જંતુઓનો ચેપ લાગ્યો હતો? સવાલ ઘણા થાય. પણ હકીકત એ હતી કે પ્રફુલભાઈને ઈન્ફેકશન થયું હતું. પ્રફુલભાઈની નાની સર્જરી કરીને પરૂ કાઢી ને Culture and sensitivity નો રિપોર્ટ કરાવ્યો. જે જંતુની sensitivity આવી હતી એ પ્રમાણે દવા કરાવ્યા પછી પ્રફુલભાઈ તો સારા થયી ગયા. પણ સવાલ એ થાય છે કે જંતુનો ચેપ લાગ્યો ક્યાંથી?

દિનેશભાઈને મોટરસાયકલ પર અકસ્માત થયો. એમનું પણ ઓપરેશન થયું. એમને પણ પરૂ થયું. એમને ન તો ડાયાબીટીસ, નહોતી નાખી પ્લેટ છતા પણ થાપામાં જે ભાગે ઓપરેશન કર્યુહતું ત્યાં પરૂ થયુ. બોલો હવે શુ? તો સવાલ ડૉકટર ના ઓપરેશન થિયેટર બરાબર STERYLE એટલે કે જંતુ મુક્ત નહોતુ. કા'તો ઓપરેશન મા વપરાયેલા instrument STERYLE નહોતા? કે ઓપરેશન થિયેટર Fumigate બરાબર નહતુ? કે ડોકટરે પોતાના કપડા અથવા તો આસીસ્ટન્ટના કપડા બરાબર STERYLE નહતા? ઉપરનામાંથી ગમે તે કારણ હોઈ શકે પણ ઈન્ફેક્શન થયુ હતુ તે તો સાચું.

• Fumigation એટલે શું?

Fumigation એટલે ઓપરેશન થિયેટરને formalin ઓપરેશનમા મૂકી ૪૮ કલાક સુધી ઓપરેશન થીએટર બંધ રાખવુ પડે. Formalin થી બેકટેરિયા, ફન્ગસ અને બેકટેરિયાના spores નાબૂદ થાય છે. બરાબર Fumigation થયું છે તે ખબર કેવી રીતે પડે? હવે એવા indicators મળે છે જેનાથી ઓપરેશન થીએટર બરાબર STERYLE થયુ હોય તો indicators કલર બદલાય જાય છે. જેમકે પહેલા indicators નો કલર પીળો હોય તે STERYLE થયા પછી લાલ થયી જાય છે. પણ ભાઈ ઓપરેશન થીએટર મા તો ઘણુંબધું હોય.જેમકે ઓપરેશન ટેબલ , ઉપર ની લાઈટ, ઓપરેશન મા રહેલુ AC, માઈક્રોસ્કોપ અને બીજુ ઘણુંબધું બરાબર જે STERYLE થયુ છે કે નહિ તે કેવી રીતે ખબર પડે? ઓપરેશનના ઓજારો (Instrument) જે ડ્રમમા STERYLE કરતા પહેલા indicator મૂકી Starelity ચકાસવી પડે. ઓપરેશન થીએટર ટેબલ, AC, ઉપર ની લાઈટો અને બીજુ સર્જરી મા વપરાતા બધા સાધનો નો દર મહીને Culture and sensitivity નો રિપોર્ટ કરાવવો પડે. અને જો નો-ગ્રોથ એટલે કે બેકટેરિયા રહિત હોય તે સતત ચકાસતા રહેવુ પડે. અને દદી ને એ બતાવવું પડે.

એટલે Culture and sensitivity જે ખુબજ અગત્યનો ટેસ્ટ છે જે દુ:ખ સાથે કહેવું પડે છે કે તેનો ઉપયોગ આજકાલ ઓછો થઈ રહ્યો છે તેવુ લાગે છે. દરેક દદીએ પણ આ માટે સજાગ રહેવુ જોઈએ. હજુપણ મોડુ નથી થયું, આપણે ભેગા થઈ ને વધુ સારુ કરીએ. જેથી દદીઓને ઈન્ફેકશન ના